**હાઈકોર્ટ મેટર/સમયમર્યાદા**

ક્રમાંક-પીઆરઈ/૧૧૧૫/સીસી-૧૩૯/ક

શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૦૪/૦૯/૨૦૧૫

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
- 7 SEP 2015
નંબર ૫૪૮૦
શાખા

પ્રતિ,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,
ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય : ખાસ દિવાની અરજી નં.૨૭૦૭/૨૦૧૫
જમાદાર જેબાખાનમ સાજીદ અહેમદ તથા અન્ય-૧૦
વિરુધ્ધ ગુજરાત રાજય અને અન્ય-૧

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે પીટીશનરશ્રી જમાદાર જેબાખાનમ સાજીદ અહેમદ તથા અન્ય ધ્વારા કરવામાં આવેલ ખાસ દિવાની અરજી નં.૨૭૦૭/૨૦૧૫માં નામ. હાઈકોર્ટ ધ્વારા તા. ૪/૫/૨૦૧૫ના રોજ ઓરલ ઓર્ડર કરવામાં આવેલ છે. આ ઓરલ ઓર્ડર અન્વયે તેઓએ ખાસ દિવાની અરજી નં.૧૦૮૯૫/૧૪ માં હાઈકોર્ટ ધ્વારા તા. ૧૬/૧૦/૨૦૧૪ના રોજ જે ચુકાદો આપવામાં આવેલ છે તે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. આ સંદર્ભમાં સા.વ.વિભાગના તારીખ ૧૬/૩/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક-પવસ/૧૦૯૩/મં-૧૭(ભાગ-૨)-ગ-૪ ના ફકરા-૨ મુજબ ભરતી કરવાની રહેશે. આ ભરતી અંગે ઉર્દુ મીડીયમના વિધાસહાયકો માટે જે જાહેરાત આપવામાં આવે તેમાં નિયમોનુસાર તમામ કેટેગરીની જગાનો ઉલ્લેખ કરવાનો રહેશે તથા આ જાહેરાતમાં "આ ઉમેદવારને નિમણુંકનો હુકમ આપવામાં આવે ત્યારે તેમાં ભવિષ્યમાં અનામત કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ થયે બિન અનામતના ઉમેદવારને છુટા કરવાના રહેશે"તેવો અચુક ઉલ્લેખ કરવાનો રહેશે. વધુમાં "આ ઉમેદવારને નિમણુંકનો હુકમ આપવામાં આવે ત્યારે તેમાં ભવિષ્યમાં અનામત કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ થયે બિન અનામતના ઉમેદવારને છુટા કરવાના રહેશે"તે બાબતની લેખીત બાંહેધરી લેવાની રહેશે.

(૨) હાઈકોર્ટ મેટર હોઈ આ બાબતને ટોચઅગ્રતા આપવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(પી.એન.બ્રહમભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

| Gen | SC | ST | SE | |
|---|---|---|---|---|
| | 15 | 25 | 10 | 10 |
| 40 | 0 | 0 | 20 | |
| 10 | | | | 10 |
| 50 | | | | |